# ઈકોનોમિક ટાઈમ્સ 02.01.2010

## BSNL ના IT આઉટસોર્સિંગ કોન્ટ્રાકટ મોકુફ રહેવાની શકયતા

નવી દિલ્હી : 9.3 કરોડ GSM lines ના Tender ને મોકૂફ રાખવાના BSNL ના બોર્ડના બુધવારના નિર્ણયને કારણે જાહેર ક્ષેત્રની આ ટેલિકોમ કંપનીના એક અબજ ડોલરના IT આઉટસોર્સિંગ કોન્ટ્રાકસને પણ મોકૂફ રાખવામાં આવશે, એમ કંપનીના Executive IT ને જણાવ્યું હતુ આનું કારણ એ છે કે કંપની ના એક અબજ ડોલરના IT કોન્ટ્રાકટ 9.3 કરોડ GSM Lines સાથે જોડાયેલા છે, એમ Executive ઉમેર્યું હતું.

આ વિલંબના IT કંપની HCL Info system અસર થશે. BSNL ના રૂા. 2000 કરોડના IT કોન્ટ્રાકસમાંથી 50 ટકા કોન્ટ્રાકટ HCL આપવાના ખાતરી મળેલી છે, કારણ કે તેને તમામ ચાર ઝોન માટે સૌથી નીચી બીડ કરી શકે છે. આ વિલંબથી TCS પણ અસર થશે. TCS આમાંથી બાકીના 50 ટકા કોન્ટ્રાકટ મેળવી શકે તેમ છે. મહિન્દ્રા સત્યમ અને સ્પેન્કોના જોડાણને પણ કોન્ટ્રાકટમાંથી અમુક હિસ્સો મળવાની ધારણા છે.

ઈટી એ સૌ પ્રથમ અહેવાલ આપ્યો હતો કે BSNL ના બોર્ડે આશરે 10 હજાર ડોલરના વિશ્વના અત્યાર સુધીના સૌથી મોટા ટેલીકોમ ઈકિવપમેન્ટ કોન્ટ્રાકટને મોકૂફરાખવાનો બુધવારે નિર્ણય કર્યો છે. સેન્ટ્રલ વિજીલન્સ કમિશન (CVC) એ નવેસરથી તપાસ કરી હોવાથી કંપનીએ આ નિર્ણય કર્યો હતો. CVC ની માર્ગરેખા મુજબ ટેલિકોમ કંપની સફળ બિડર્સ સાથે ટેન્ડર પછીની મંત્રણા કરી શકે તેમ નથી.

સ્વિડનની અમેરીકન ઉતર અને દક્ષિણ–પૂર્વ ઝોનમાં સૌથી નીચી બિડર તરીકે ઊભરી હતી, જયારે ચીનની હુવાઈની દક્ષિણ અને પશ્ચિમ ઝોન માટે પણ પસંદગી કરવામાં આવી છે. ટેલિકોમ વિભાગ (ડોટ) એ પણ અગાઉ BSNL ને સૌથી નીચી બિડ કરનાર એરિકશન સાથે ભાવ અંગે વાટાઘાટ ન કરવા સૂચના આપી હતી, કારણ કે આ પગલાંથી CVC ની માર્ગરેખાનો ભંગ થઈ શકે છે.

BSNL ના IT આઉટસોર્સિંગ કોન્ટ્રાકટ મોકુફ સોદા પ્રમાણે કંપનીને વધુમાં વધુ બે કોન્ટ્રાકટ મળી શકશે એટલે કે એક કંપની બે કરતાં વધુ વિસ્તારમાં IT સર્વિસ નહી આપી શકે. તેથી HCL Info system Billing Solutions પૂરાં પાડશે. તમામ ચાર ઝોનમાં તેને સૌથી નીચા બિડર અથવા એલ ૧ તરીકે પસંદ કરવામાં આવી છે. HCL બે ઝોનમાંથી નીકળી જવું પડશે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) ઉતર, દક્ષિણ અને પશ્ચિમ એમ ત્રણેય ઝોનમાં સૌથી નીચા ભાવે બિડ કરનારી કંપની છે.

જયારે પૂર્વ વિસ્તારમાં મહિન્દ્રા સત્યમ અને સ્પેન્કો સંયુકત રીતે એલ ૨ તરીકે પસંદ કરવામાં આવી હતી. એટલે કે HCL જો પૂર્વ ઝોનમાંથી નીકળી જશે તો મહિન્દ્રા સત્યમ અને સ્પેન્કોને તક રહેશે. બીજી તરફ TCS ને ઓછામાં ઓછા એક ઝોનમાં કોન્ટ્રાકટ મળવાની ખાતરી અપાઈ છે, તેથી જહી જો પૂર્વ ઝોનમાંથી નહિં નીકળે તો તે પોતાના સોદાનું કદ બમણું કરી શકશે.

ટેન્ડર્સ સબંધિત વિવાદ ને કારણે BSNL છેલ્લાં ત્રણ વર્ષથી ઈકિપવમેન્ટ માટે નોંધપાત્ર ઓડર્સ આપી શકી નથી. આ ત્રણ વર્ષમાં ભારતના મોબાઈલ માર્કેટે સૌથી ઉંચો વૃધ્ધિદર નોંધાવ્યો હતો. આથી 2006 માં મોબાઈલ ક્ષેત્રમાં ટોચના સ્થાન માટે ભારતી એરટેલની સામે સ્પર્ધા કરનાર BSNL હાલમાં પાંચમાં સ્થાને ધકેલાઈ ગઈ છે.